| | |
|---|---|
| દાખલ તારીખ | ૨૦/૦૨/૨૦૨૧ |
| રજીસ્ટરે લીધા તારીખ | ૨૦/૦૨/૨૦૨૧ |
| ફેસલ તારીખ | ૧૮/૦૩/૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ–માસ–દિવસ |
| આંક | |

**IN THE COURT OF**
**The Hon'ble Sp. Judge(Atro.) & 2nd Addl. District & Session Judge, Morbi.**
**Sp. (Atro) Case No.16/2021.**
**Date of The judgement:-16/01/2026.**
**Details of F. I.R /Crime and Police Station.**

**હળવદ પોલીસ સ્ટેશન એ–પાર્ટ ગુ.ર.નં.૧૧૧૮૯૦૦૧૨૦૦૫૭૪/૨૦૨૧. ભારતીય દંડ સહીંતાની કલમ:–૨૯૪(બી), ૫૦૪, ૫૦૬(૨) તથા એટ્રો સીટી એકટની કલમ:–૩(૧)(આર)(એસ) મુજબ.**

| | | |
|---|---|---|
| **Complainant** | | સ્ટેટ ઓફ ગુજરાત |
| **REPRESENTED BY** | | વિ.એ.પી.પી.શ્રી એસ.સી.દવે |
| **ACCUSED** | (૧) | ધમેન્દ્રસિંહ ઉર્ફે છોટુભા જયેદ્રસિંહ ઝાલા, ઉ.વ.૬૦, ધંધો–ખેતી, રહે.જુના ધનાળા, તા.હળવદ, જી.મોરબી. |
| **REPRESENTED BY** | | આરોપી તરફે વિ.વ.શ્રી ટી.બી.દોશી, |

**FORM -B**

| | |
|---|---|
| **Date of Offence** | **11-07-2020** |
| **Date of F.I.R** | **21-09-2020** |
| **Date of Chargesheet** | **20-02-2021** |

| | |
|---|---|
| **Date of Framing of Charges** | **06-09-2022** |
| **Date of commencement of evidence** | **15-02-2025** |
| **Date of which judgment is reserved** | **13-03-2026** |
| **Date of the Judgment** | **18-03-2026** |
| **Date of the Sentencing Order, if any** | **N/A** |

## Accused Details.

| NO. | Name of Accused | Date of Arrest | Date of Release on Bail | Offences charged with | Whether Acquitted or convicted | Sentence Imposed | Period of Detention Under gone during Trial for purpose of section 428 Cr.P.C. |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | **ધમેન્દ્રસિંહ ઉર્ફે છોટુભા જયેદ્રસિંહ ઝાલા,** | ૨૪–૦૯–૨૦ | જામીન મુકત | ભારતીય દંડ સહીંતાની કલમ:–૨૯૪(બી), ૫૦૪, ૫૦૬(૨) તથા એટ્રો સીટી એકટની કલમ:–૩(૧)(આર)(એસ) , | Acquitted | NA | NA |

**–:: ઠરાવ ::–**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુકમાં હકીકત એવી છે કે, તા.૧૧/૦૭/૨૦૨૦ ના કલાક ૧૦–૦૦ વાગ્યાના સુમારે જુના ધનાળા ગામની સીમમાં આવેલ ફરીયાદીની વાડીએ જવાના અંધારીના રસ્તે જાહેરમાં આ કામના ફરીયાદી પોતાના ખેતરે જવા માટે જે રસ્તેથી જતા હોય તે રસ્તો આરોપીએ બંધ કરી દીધેલ તેમજ આરોપીએ ફરીયાદી સાથે તે રસ્તેથી ન નીકળવા બાબતે ફરીયાદી તથા સાહેદોને ગાળો બોલી જાનથી મારી નંખવાની ધમકી આપી, તેમજ આ કામના ફરીયાદી તથા સાહેદોને અનુ.જાતીના હોવાનું જાણતાં હોવા છતાં આરોપીએ જાહેરમાં હડધુત કરી, જાતિ પ્રત્યે અપમાનિત કરી, ગુનો કરેલ હોવા

બાબતે કાયદેસર તપાસ થવા ફરીયાદીએ તે મતલબની ફરીયાદ આપતાં પોલીસે હળવદ પોલીસ સ્ટેશન એ-પાર્ટ ગુ. ર. નં. ૧૧૧૮૯ ૦૦૧૨૦૦૫૭૪/૨૦૨૦. ભારતીય દંડ સહીંતાની કલમઃ- ૨૯૪(બી), ૫૦૪, ૫૦૬(૨) તથા એટ્રો સીટી એકટની કલમઃ- ૩(૧)(આર)(એસ) ***(સરળતા ખાતર હવે પછી ટુંકમાં " એટ્રો સીટી એકટ " સંબોધેલ છે.)*** તે મુજબની નોંધવામાં આવેલ છે.

(૨) સદરહું ફરીયાદ દાખલ થયા બાદ, સદર ગુના અંગેની તપાસ તપાસનીશ અમલદાર ને યાદી કરવામાં આવતાં તપાસનીશ અમલદારે ગુનાની તપાસ સંભાળી લીધેલ લાગતાં વળગતાં સાહેદોના નિવેદનો લીધેલ તેમજ સ્થાનીક જગ્યાનું પંચનામું તથા અન્ય જરૂરી પંચનામા કરવામાં આવેલ તે તમામ પોલીસના કાગળોમાં સામેલ રાખેલ અને તેમની તપાસના અંતે હાલના આરોપી વિરુધ્ધ પુરતા પુરાવાના અંતે અત્રેની અદાલતમાં આરોપી વિરુધ્ધ ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમઃ-૧૭૩ અન્વયે ચાર્જશીટ રજુ રાખેલ જે ચાર્જશીટ તા ૨૦/૦૨/૨૦૨૧ નારોજ સ્પે.(એટ્રોસીટી) કેસ નં.૧૫/૨૦૨૧ થી નોંધવામાં આવેલ છે.

(૩) ઉપરોકત ફોજદારી કેસના આરોપી અત્રેની અદાલત સમક્ષ ઉપિસ્થત થતાં પોલીસ પેપર્સની નકલ મળ્યાની ખાત્રી કરી, આરોપી સ્વખર્ચે વકીલ રોકવા માગે છે કે કેમ ? કે વિના મુલ્યે સહાય મેળવવા માંગે છે ? વિગેરે બાબતોએ જરૂરી પુછપરછ કરી આરોપીનું પ્રાથમીક નિવેદન નોંધવામાં આવેલ બાદ આ કામના આરોપી સામે ભારતીય દંડ સહીંતાની કલમઃ-૨૯૪(બી), ૫૦૪, ૫૦૬(૨) તથા એટ્રો સીટી એકટની કલમઃ-૩(૧)(આર)(એસ) મુજબના ગુનાના આક્ષેપો હોય આરોપી અત્રેની અદાલત સમક્ષ હાજર રહેતાં ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમઃ-૨૨૮ અન્વયે આંકઃ-૦૭ થી તહોમતનામું ધડવામાં આવેલ અને આરોપીનું આંક-૦૮ થી નિવેદન નોંધવામાં આવેલ જેમાં તેઓએ તેમની વિરુધ્ધનો ગુનો કબુલ ન

હોવાનું જણાવેલ જેથી સદર કેસ ફરીયાદપક્ષના પુરાવા ઉપર આગળની કાર્યવાહી અર્થે રાખવામાં આવેલ છે.

(૪) આરોપી વિરુધ્ધ આંક–૦૭ થી ફરમાવવામાં આવેલ તહોમતનામાની હકીકત પુરવાર કરવા માટે ફરીયાદપક્ષ તરફે નીચે મુજબના મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલા છે.

**FORM-C**
**LIST OF PROSECUTION / DEFFENCE/ COURT WITNESSES**

**A. Prosecution.**

| RANK | NAME | EXHIBIT | NATURE OF EVIDENCE (EYE WITNESS, POLICE WITNESS, EXPERT WITNESSE, MEDICAL WITNESSE, PUNCH WITNESSE, OTHER WITNESSE |
|---|---|---|---|
| PW1 | મીઠાભાઈ મોહનભાઈ ચાવડા | ૧૮ | ફરીયાદી |
| PW2 | જનકભાઈ લક્ષ્મણભાઈ ચાવડા | ૨૦ | સાહેદ/વિમુખ |
| PW3 | લીલાબેન રણજીતભાઈ ચાવડા | ૨૧ | સાહેદ |
| PW4 | રણજીતભાઈ મીઠાભાઈ ચાવડા | ૨૨ | સાહેદ |
| PW5 | લાલજીભાઈ ગોવિંદભાઈ ચાવડા | ૨૫ | પંચ સાહેદ |
| PW 6 | પાર્થભાઈ સમરથદાનભાઈ ગઢવી | ૩૦ | સાહેદ |
| PW 7 | પરાક્રમસિંહ પ્રતાપસિંહ ઝાલા | ૩૪ | પી.એસ.ઓ. |
| PW 8 | મુનાફભાઈ ઈબ્રાહીમખાન પઠાણ | ૪૨ | ત.ક.અમલદાર |

**B. Defence Witnesses , if any: None.**

**C. Court Witnesses If any : None.**

**LIST OF PROSECUTION /DEFFENCE / COURT EXIHIBITS.**

**A. Prosecution.**

| Sr. No. | Exihibit Number | Description |
|---|---|---|
| 1. | ૧૯ | અસલ ફરીયાદ |
| 2. | ૨૦ | ફરીયાદીનું અનુસુચિત જાતિ અંગેનું પ્રમાણપત્ર |

| | | |
|---|---|---|
| 3. | ૨૩ | અટક પંચનામું |
| 4. | ૨૬ | સ્થાનીક જગ્યાનું પંચનામું |
| 5. | ૩૧ | ચાવડા મીઠાભાઇ મોહનભાઇનો અનુસુચીત જાતીનો દાખલો |
| 6. | ૩૨ | મીઠાભાઇ મોહનભાઇ નામવાળા રજીસ્ટરના ઉતારાની નકલ |
| 7. | ૩૫ | તપાસ ડેપ્યુટ હુકમ |

**B. Defence. : None.**

**C. Court Exihibits. : None.**

**D. Material Objects.**

| Sr. No. | Material Number | Description | કિંમત |
|---|---|---|---|
| | | નીલ | |

(૫) ફરીયાદપક્ષ તરફે ઉપર મુજબના પુરાવાઓ તપાસ્યા બાદ વિધ્વાન એ.પી.પી.શ્રીનાઓ ધ્વારા આંક–૪૩ થી વધુ કોઇ પુરાવો રજુ કરવા માંગતા ન હોય તે મતલબની કલોઝીંગ પુરશીશ રજુ રાખેલ છે.

(૬) આ કામે ફરીયાદપક્ષ તરફે ઉપરોકત પુરાવો રજુ થતાં આ કામે રજુ થયેલ પુરાવાઓના આધારે આરોપીનું ફોજદારી કાર્યરીતી અધિનિયમ ની કલમઃ–૩૧૩ હેઠળ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે જેમાં આરોપીએ તેઓ નિર્દોષ હોવાની હકીકત જણાવેલ છે.

(૭) આ કામના નિર્ણય માટે નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થાય છે.

**–:: મુદાઓ ::–**

(૧) શું ફરીયાદપક્ષ એ હકીકત નિ:શકપણે સાબિત કરે છે કે, તા.૧૧/૦૭/૨૦૨૦ ના કલાક ૧૦–૦૦ વાગ્યાના સુમારે જુના ધનાળા ગામની સીમમાં આવેલ ફરીયાદીની વાડીએ જવાના અંધારીના રસ્તે જાહેરમાં આ કામના ફરીયાદી પોતાના ખેતરે જવા માટે જે રસ્તેથી જતા હોય તે રસ્તો આરોપીએ બંધ કરી દીધેલ તેમજ આરોપીએ ફરીયાદી સાથે તે રસ્તેથી ન નીકળવા બાબતે ફરીયાદી તથા સાહેદોને ગાળો બોલી જાનથી મારી નંખવાની ધમકી આપી, ભારતીય દંડ

સહીંતાની કલમ:-૨૯૪(બી), ૫૦૪, ૫૦૬(૨) મુજબનો શીક્ષાને પાત્ર ગુનો આ અદાલતની હકુમતમાં કરેલ છે ?

(૨) શું ફરીયાદપક્ષ એ હકીકત નિ:શકપણે સાબિત કરે છે કે, બનાવની તારીખે, સમયે અને સ્થળે આ કામના આરોપીએ આ કામના ફરીયાદી તથા સાહેદો અનુસુચિત જાતીના હોવાનું જાણવા છતાં આરોપીએ ફરીયાદી તથા સાહેદોને તેઓની જાતિ પ્રત્યે અપશબ્દો બોલી, જાતિ પ્રત્યે જાહેરમાં અપમાનિત કરી, એટ્રોસીટી એકટની કલમ:-૩(૧)(આર)(એસ) મુજબનો શીક્ષાને પાત્ર ગુનો આ અદાલતની હકુમતમાં કરેલ છે ?

(૩) શું હુકમ ?

(૮) આ કામે ઉપરોકત મુદ્દાઓ પરત્વેના નિર્ણયો નીચે મુજબ છે.

(૧) **નકારમાં,**

(૨) **નકારમાં,**

(૩) **આખરી હુકમ મુજબ,**

(૯) આ કામે ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી એસ.સી.દવે તથા બચાવપક્ષ તરફે વિ.વ.શ્રી ટી.બી.દોશી ની દલીલો સાંભળી.

(૯.૧) વિ.એ.પી.પી.શ્રી એસ.સી.દવે ધ્વારા મુખ્યત્વે એવી દલીલ કરવામાં આવેલ છે કે, ફરીયાદપક્ષ તરફે આંક-૧૮ થી ફરીયાદીની જુબાની થયેલ છે અને તેઓની જુબાનીમાં આંક-૧૯ થી ફરીયાદ રજુ થયેલ છે તથા આંક-૨૦ થી જાતીનો દાખલો રજુ થયેલ છે. ફરીયાદપક્ષે આંક-૩૦ થી ટી.ડી.ઓ.ને તપાસેલા છે અને દાખલાની ખરી નકલ આંક-૩૧ થી રજુ છે અને રજીસ્ટરનો ઉતારાની ખરી નકલ આંક-૩૨ થી રજુ છે. મુખ્ય તકરાર દાવામાં આંક-૦૫ નામંજુર થતાં ફરીયાદ કરેલ તેવી છે. પરંતુ આંક-૦૫ પહેલા હાલની ફરીયાદ કરેલ છે. આંક-૨૧ થી સાહેદ લીલાબેન ચાવડાને તપાસેલા છે તેઓએ સમર્થન આપેલ છે. તેઓએ આ બનાવ જોયેલ છે અને બનાવ સમયે

ખેતરે જતાં હતાં. આંક–૨૦ થી તપાસેલા સાહેદ જનકભાઇ હોસ્ટાઇલ થયા બાદ સ્વીકારેલ છે કે, આરોપીની વાડીની બાજુમાંથી રસ્તો જતો હતો અને તે રસ્તો આરોપીએ બંધ કરી દીધેલ છે. આંક–૨૨ ના સાહેદે પણ સમર્થન કરેલ છે અને આંક–૨૧ અને આંક–૨૨ ના સાહેદ પુત્ર અને પુત્રવધુ હોય તેટલા માત્રથી જ પુરાવો ડિસ્કાર્ડ થતો નથી. આ કામના ત.ક.અમલદારે પણ સમર્થન આપેલ છે. આરોપીએ રસ્તો બંધ કરેલાનું સ્વતંત્ર સાહેદ કહે છે આરોપીએ ફરીયાદી અને સાહેદોને ખોટીરીતે ધમકી આપેલ હોય તેમજ જાતી વિષ્યક શબ્દો બોલી અપમાનીત કરેલ હોય તકસીરવાન ઠરાવવા અરજ કરેલ છે.

(૯.૨) મુળ ફરીયાદપક્ષ તરફે વિ.વ.શ્રી ધ્વારા આંક–૪૭ થી લેખીત દલીલ રજુ કરવામાં આવેલ છે જે વંચાણે લીધેલ છે.

(૯.૩) બચાવપક્ષ તરફે વિ.વ.શ્રી ટી.બી.દોશી નાઓ તરફે મુખ્યત્વે એવી દલીલ કરવામાં આવેલ છે કે, બનાવ સાતમાં મહીનામાં બનેલાનું કહે છે અને ફરીયાદ નવમાં મહીનામાં આપેલ છે. ફરીયાદમાં કયાંય ઢેઢા શબ્દ બોલેલ હોય તેવુ નથી. સાહેદ પુત્ર તથા પુત્રવધુના નિવેદનમાં પણ કયાંય આવા શબ્દો આવતાં નથી. આંક–૨૫ થી તપાસવામાં આવેલ પંચ સાહેદે ઉલટતપાસમાં તેઓ ફરીયાદીના ભાઇ થાય છે તેવું કબુલ કરે છે. આરોપીએ જાહેર રસ્તો બંધ કરેલ હોય તેવું આવેલ નથી અને આજુ બાજુના ખેતરવાળા તમામના નિવેદનો લીધેલ નથી. સિવિલ દાવો કર્યા બાદ એક મહીના પછી હાલની ફરીયાદ કરેલ છે. ફરીયાદીએ તા.૨૫/૦૮/૨૦૨૦ નારોજ સિવિલ દાવો રેગ્યુલર દિવાની મુકદમા નં.૮૪/૨૦૨૦ થી દાખલ કરેલ છે. આ કામે બે જે વ્યકિત સ્વતંત્ર સાહેદો ના નિવેદનો લીધેલ છે જેમાના જનકભાઇને તપાસેલા છે જયારે સુરેશભાઇ દલવાડીને ડ્રોપ કરેલ છે. તપાસના કામે રસ્તા બાબતે કોઇ સરકારી રેકર્ડ મેળવવામાં આવેલ નથી જો આવુ રેકર્ડ રજુ થયેલ હોત તો રેકર્ડ ઉપર આવત કે આરોપીના ખેતરમાંથી કોઇ રસ્તો આવેલ નથીઈ આરોપીએ જ્ઞાતિ પ્રત્યે અપમાનકારક શબ્દો

બોલી અપમાનીત કરેલ હોય તેવું કયાંય દેખાય આવતુ નથી જેથી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

**<u>–:: કારણો ::–</u>**

**<u>મુદા નં. ૧ થી ૨ ની ચર્ચા ::–</u>**

**(૧૦)** ફોજદારી કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો મુજબ ફરીયાદપક્ષે પોતાનો કેસ આરોપી વિરુધ્ધ સંપુર્ણપણે નિ:શંકપણે અને સચોટપણે પુરવાર કરવાનો હોય છે. જો કે, નામદાર સર્વોચ્ચ અદાલતના વિવિધ ચુકાદાઓ મુજબ ફરીયાદપક્ષ તરફે નાની મોટી ભુલ રહેલ તો તે કદાત ફરીયાદપક્ષના કેસને નુકસાન કારક ન પણ બને તેમ છતાં ફરીયાદપક્ષે આરોપી વિરુધ્ધનો પોતાનો કેસ નિ:શંકપણે અને સચોટ પણે પુરવાર કરવામાં નિષ્ફળ જાય ત્યારે આરોપીને સજા થઇ શકે નહી તે સિધ્ધાંતથી હાલની અદાલત સારી રીતે વાકેફ છે.

**(૧૧)** ફરીયાદપક્ષે પોતાનો કેસ સાબિત કરવા માટે સાહેદ નં. ૧, આંક–૧૮ થી ફરીયાદી મીઠાભાઇ મોહનભાઇ ચાવડા ને સોગંદ ઉપર તપાસેલા છે તેઓએ તેમની સરતપાસમાં એવી હકીકત જણાવેલ છે કે, તા.૦૭/૧૧/૨૦૨૦ ના રોજ સવારે સાડા નવ થી પોણા દસ વાગ્યાની આસપાસ બનાવ બનેલ બનાવ વખતે તેઓ વાડીએ જતાં હતા અને ચાલવાના રસ્તાનો ઉપયોગ તેઓ છેલ્લો પચાસ વર્ષથી કરી એ છીએ અને હું હાલીને જતો હતો ત્યારે આરોપી પોતાની વાડીએ હતાં અને તેઓએ તેમને ઉભા રાખેલ અને પુછેલ કે કયાં જાશ તો તેઓએ કહેલ કે મારી વાડીએ જાવ છુ તો આરોપીએ કહેલ કે તારા બાપ નો રસ્તો નથી જેથી ફરીયાદીએ કહેલ કે અમો અહીયાથી જ છેલ્લા પચાસ વર્ષથી ચાલી એ છીએ અને સરકારે અમોને સાંથણીની જમીન આપેલ છે જેથી આરોપી એ મને મા અને બાપ સમાણી ગાળો દીધેલ. અને જણાવેલ કે, ઢેઢા તમે અહીથી ચાલી શકો ? જેથી

ફરીયાદીએ કહેલ કે મે તમારુ નામ લીધેલ નથી અને તેઓ અહીથી ચાલતા હતા અને તેઓ બોલતાં હતાં ત્યારે તેમનો દીકરો રણજીત અને પુત્રવધુ લીલાબેન આવેલા અને તેઓએ આવીને પુછેલ કે શું છે તો આરોપીએ કહેલ કે તારો બાપ અહીથી ચાલે છે જેથી આરોપી ગાળો બોલવા લાગેલા અને તેઓનો કાંઠલો પકડવા જતાં બાજુની વાડીમાં બે દલવાડી હતાં જેના નામ જનકભાઈ લક્ષ્મણભાઈ અને મુકેશભાઈ ઈશ્વરભાઈ તેમને છોડાવેલા. ત્યારબાદ તેઓ બધા ત્યાં થી ઘરે જતાં રહેલા. તેઓની વાડીનો પાક એમ ને એમ રહેવા દીધેલ અને તે પાક નિષ્ફળ ગયેલો. ત્યારબાદ આ બનાવની ફરીયાદ હળવદ પો. સ્ટે.આપેલ હતી. તે ફરીયાદ પોલીસવાળા સાહેબે લખી લીધા બાદ તેમને વાંચે સંભળાવી તે ફરીયાદ તેઓએ ખરી હોવાનું જણાવતાં તેઓએ તેમાં સહી કરી આપેલ હતી. અસલ ફરીયાદમાં તેઓની સહી ઓળખી બતાવી સદર કામે આંક -૧૯ થી રજુ રાખેલ છે. તેઓને નિશાની ૩/૫ વાળો તેમની જાતી અંગેના દાખલાની નકલ બતાવતાં તે તેઓની જાતીનો દાખલો હોવાનું જણાવી તેમાં તેઓનો ફોટો ઓળખી બતાવી સદર કામે આંક-૨૦ થી રજુ રાખેલ છે. આ ફરીયાદ આપ્યા બાદ તેઓ બધા ઘરના સભ્યોએ તેઓની વાડીએ જવાનું બંધ કરી દીધેલ છે અને હાલમાં પણ તેઓ તેમની વાડીએ જતાં નથી કારણ કે રસ્તો આરોપીએ બંધ કરી દીધેલ છે તેમજ તેઓ આરોપીને ઓળખી બતાવે છે.

**(૧૧.૧)** સદર ફરીયાદીની કરવામાં આવેલ ઉલટતપાસમાં એવો સવાલ પુછવામાં આવેલ છે કે, જુઓ તમે ફરીયાદ આપી તે વખતે કોઈ બનાવ બનેલ ન હતો તેના જવાબમાં ફરીયાદી જણાવે છે કે, અમે ફરીયાદ

આપવા ગયા તે વખતે ફરીયાદ લીધેલ ન હતી અને અમારી સાથે સમાધાનની વાતો કરેલી ત્યારબાદ હાલની ફરીયાદ લીધેલ છે. વીશેષમાં ફરીયાદીએ ઉલટતપાસમાં જણાવેલ છે કે, '' બનાવવાળા ખેતરના માલિકીના આધાર પુરાવા મારી પાસે નથી. એ વાત ખરી છે કે, સદર આધાર પુરાવાઓ પોલીસે મારી પાસેથી લીધેલ નથી. સાહેદ જણાવે છે કે, પોલીસે આવા આધાર પુરાવાઓ માંગેલ જ નથી. એ વાત ખરી છે કે, કહેવાતો રસ્તો હોય તેવા કોઈ ટીપ્પણો કે રેવન્યુ રેકર્ડ પણ મે આ કામે રજુ કરેલ નથી તેમજ છેલ્લા પચાસ વર્ષથી અમે આ રસ્તો વાપરતાં હોઈએ તેવા કોઈ આધાર પુરાવાઓ પણ રજુ કરેલ નથી. સાહેદ જણાવે છે કે, પોલીસે મારી પાસ ે આવા કોઈ દસ્તાવેજ માંગેલ નથી. મારા ખેતરની આજુબાજુ લક્ષ્મણ ગં ગારામ, અજીતસિંહ તે બે ખેતરો આવેલા છે તે પછી મારી વાડી આવેલ છે. એ વાત ખરી છે કે, મે હળવદ કોર્ટમાં રસ્તા બાબતે દાવો પણ કરેલ છે અને તે દાવામાં મનાસ હુકમની અરજી કરેલ અને આ અરજી ના.કોર્ટે રદ કરેલ છે. એ વાત ખરી છે કે, આ હુકમ સામે અપીલ પણ કરવામાં આવેલ છે અને હાલ તે પેન્ડીંગ છે. એ વાત ખરી છે કે, મારી સરતપાસમાં '' ઢેઢા તમે અહીની ચાલી શકો ?'' જણાવેલ છે તેવું મારી ફરીયાદમાં જણાવેલ નથી. સદર ફરીયાદીને એવો સવાલ પુછવા માં આવેલ છે કે, જુઓ તમો આવી ફરીયાદ કરો એટલે સમાજ સુરક્ષા ખાતા તરફથી તમને વળતરના પૈસા મળે અને ફરીયાદ કરીએ તે જ વખતે અમુક રકમ સરકાર તરફથી મળી જાય ? તેના જવાબમાં ફરીયાદી જણાવે છે કે, એવા પૈસા માટે મે આ કોઈ ફરીયાદ કરેલ નથી અને પૈસા માટે આવી ખોટી ફરીયાદ ન કરીએ, એ વાત ખરી છે કે, મે આ

ફરીયાદ કરેલ છે તેથી મને સમાજ સુરક્ષા ખાતા તરફથી વળતરની રકમ મળેલ છે.'' બચાવપક્ષ તરફે અન્ય પુછવામાં આવેલ પ્રશ્નોના જવાબ આ સાહેદે ઈન્કારમાં આપેલ છે.

**(૧૨)** ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.૨, આંક–૨૦ થી સાહેદ જનકભાઈ લક્ષ્મણભાઈ ચાવડાને સોગંદ ઉપર તપાસેલા છે. તેઓએ તેમના નિવેદનની હકીકતને સમર્થન કરેલ ન હોય વિ.એ.પી.પી.શ્રી ધ્વારા ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે. બાદ બચાવપક્ષ તરફેની ઉલટતપાસમાં તેઓએ સ્વીકારેલ છે કે, મીઠાભાઈને મળેલી જમીન સરકારી ખરાબામાથી મળેલી છે. એ વાત ખરી છે કે ધર્મેન્દ્રસિંહે તેની વાડીમા દરવાજો મુકેલો છે. એ વાત ખરી છે કે ધર્મેન્દ્રસિંહની વાડીમાથી મારે કે તેમને કોઈને આવવા–જવાનો રસ્તો આવેલો ન હતો અને નથી. એ વાત ખરી છે કે ધનાળા ગામથી અમારી વાડીએ જવા આવવા માટે બે રસ્તા આવેલ છે અને અમે તે રસ્તેથી આવ–જા કરીએ છીએ. એ વાત ખરી છે કે મારી હાજરીમા કોઈ બોલાચાલી થયેલ હોય કે ગાળો બોલાયેલ હોય કે ધમકી આપવામા આવેલ હોય તેવુ બનેલ નથી.

**(૧૩)** ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.૩, આંક–૨૧ થી સાહેદ લીલાબેન રણજીતભાઈ ચાવડાને સોગંદ ઉપર તપાસેલા છે. તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, આ કીસ્સાનો બનાવ ગઈ તા.૧૧ /૭/૨૦૨૦ ના રોજ સવારે દસ વાગ્યાની આજુબાજુ બનેલો. બનાવ વખતે મારા સસરા આગળ વાડીએ જતા હતા અને હુ અને મારા પતિ પાછળ ચાલીને જતા હતા અને તેની સાથે છોટુભા લપ કરતા હતા અને તેઓ હાલવા બાબતે લપ કરતા હતા અને કહેતા હતા કે 'ઢેઢા આમ

બાજુ ચાલવુ નહી, તમને મારવા પડશે' અને અપશબ્દો પણ બોલેલા હતા. અમે તેઓને ગાળો બોલવાની અને જાતી વિશે બોલવાની ના પાડેલી પણ તેઓ સમજેલા નહી અને તે વખતે જનકભાઈ અને મુકેશભાઈ આવેલા અને આવીને તેઓએ સમજાવેલા કે જવાદો તમે આવુ જાતી વિષયક ન બોલો. પછી અમો ત્યાથી જતા રહેલા હતા. બનાવ સંબંધે પોલીસે મારી પુછપરછ કરી જવાબ લીધેલો હતો. મે છોટુભા નામની વ્યકિતનુ જણાવેલ તે આજરોજ કોર્ટમા હાજર છે તેમને હુ જોઈને ઓળખી બતાવુ છુ. જે વ્યકિતને સાહેદ ઓળખી બતાવે છે, તેઓનુ નામ પુછતા પોતાનુ નામ ઝાલા ધર્મેન્દ્રસિંહ ઉર્ફે છોટુભા જયેન્દ્રસિંહ જણાવે છે.

**(૧૩.૧)** સદર સાહેદની બચાવપક્ષ તરફેની ઉલટતપાસમાં તેઓએ સ્વીકારેલ છે કે, અમારા ખેતરની આજુબાજુ સાત થી આઠ ખેતર આવેલા છે. આ ખેતર કોના નામના છે તેના સવાલના જવાબમા કહુ છુ કે, જનકભાઈ, મુકેશભાઈ, છોટુભા વિગેરેના ખેતરો આવેલા છે. સવાલ.:- તમો કાયમી ખેતરે જાવ છો ? જવાબ.:- અમે પહેલા જતા હતા પરંતુ રસ્તાની તકરારને લીધે હવે જતા નથી. એ વાત ખરી છે કે અમારા ખેતરની આજુબાજુ જે સાત-આઠ ખેતર આવેલા છે તે અમારા ગામના હોય એટલે તેઓને હુ નામજોગ ઓળખુ. એ વાત ખરી છે કે હાલની ફરીયાદ મારા સસરાએ કરેલી છે. એ વાત ખરી છે કે મારા સસરાએ રસ્તા બાબતે અન્ય કેસ કરેલો છે. એ વાત ખરી છે કે કોઈપણ બનાવ બને તો આજુબાજુના ખેતરવાળા ભેગા થઈ જાય. એ વાત ખરી છે કે અમોને મળેલ જમીન સરકારી ખરાબામાથી મળેલી છે.

**(૧૪)** ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.૪, આંક–૨૨ થી સાહેદ રણજીતભાઈ મીઠાભાઈ ચાવડાને સોગંદ ઉપર તપાસેલા છે. તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, અમારી વાડીએ જવાના રસ્તે બનેલો. બનાવ વખતે મારા પપ્પા આગળ જતા હતા અને હુ અને મારી પત્ની તેની પાછળ ચાલીને જતા હતા અને તે વખતે મારા પપ્પા સાથે છોટુભા જયેન્દ્રસિંહ બોલાચાલી કરતા હતા અને કહેતા હતા કે અહી ચાલવાનુ નહી, તમને ના નથી પાડી ઢેઢાવ અને હુ અને મારી પત્ની તેમને સમજાવતા હતા તો અમને પણ ગાળો બોલેલા અને જાતી વિરુધ્ધ બોલેલા અને કહેલ કે ઢેઢાવ તમને ના પાડી તો પણ અહીથી હાલ્યા જાવ છો તે વખતે જનકભાઈ અને મુકેશભાઈ આવેલા અને તે લોકોએ સમજાવેલા અને અમો પણ ત્યાથી નીકળતા હતા ત્યારે તે બોલેલા કે હવે અહીથી નીકળ્યા તો ઘર–બર સળગાવી નાંખીશ ઢેઢાવ. ત્યારબાદ અમે અમારુ કામ કરવા લાગેલા પછી અમે પોલીસ સ્ટેશને ગયેલા ત્યા મારા પિતાજીએ ફરીયાદ આપેલી અને આ બનાવ બાબતે પોલીસે મારી પુછપરછ કરી જવાબ લીધેલો. હુ આ કામના આરોપીને જોયે ઓળખુ છુ જેઓ આજરોજ કોર્ટમા હાજર છે તેને ઓળખી બતાવુ છુ.

**(૧૪.૧)** સદર સાહેદની બચાવપક્ષ તરફેની ઉલટતપાસમાં તેઓએ સ્વીકારેલ છે કે, અમારા ખેતરની પશ્ચિમબાજુ એટલે કે આથઢ મણી બાજુ પાણીનુ વહેણ આવેલ છે. એ વાત ખરી છે કે અમારા ખેતરની પાછળ ઠાકરશીભાઈ સવજીભાઈની જમીન આવેલી છે. એ વાત ખરી છે કે ખેતરની આજુબાજુ કોઈ બનાવ બને તો તેમા કામ કરતા મજુરો તથા ખેતરોના માલીકો ભેગા થઈ જતા હોય છે. એ વાત

ખરી છે કે મારા પિતાએ રસ્તા બાબતે અન્ય એક કેસ દાવા સ્વરુપે કરેલો છે. એ વાત ખરી છે કે મારા પપ્પાએ કરેલ દાવામા વચગાળાનો મનાઈ હુકમ માગેલ તે કોર્ટે આપેલ નહી અને અમારી તે અરજી નામંજુર કરેલ. એ વાત ખરી છે કે આરોપી તથા અમે વર્ષોથી એકજ ગામમા રહેતા હોવાથી એક બીજાને ઓળખીએ છીએ. એ વાત ખરી છે કે અમારી જમીન સરકાર ધ્વારા સાંથણીમા અમને આપવામા આવેલ છે. બચાવપક્ષ તરફે અન્ય પુછવામાં આવેલ પ્રશ્નોના જવાબ આ સાહેદે ઈન્કારમાં આપેલ છે.

**(૧૫)** ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.૫, આંક-૨૫ થી પં ચ સાહેદ લાલજીભાઈ ગોવિંદભાઈ ચાવડાને સોગંદ ઉપર તપાસેલા છે. તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે,ગઈ તા.૨૨/૦૯/૨૦૨૦ ના રોજ મને મયુરનગર રોડ ઉપર જુના ધનાળાથી મયુરનગર જવાના રસ્તે પંચમા બોલાવેલ હતો. મારી સાથે બીજા પંચ તરીકે બળવંતભાઈ કાનજીભાઈ હતા અને ત્યા ડી.વાય.એસ.પી. સાહેબ હાજર હતા અને સ્થળ પર અમને બોલાવેલા હતા અને જે રસ્તા બાબતની વાત હતી તે ડી.વાય.એસ.પી. સાહેબને જણાવેલી અને તે બાબતનુ સ્થાનીક જગ્યાનુ લખાણ કરેલ હતુ અને ત્યારબાદ તે પંચનામુ લખાઈ ગયા બાદ પ્રથમ મે સહી કરેલી અને ત્યારબાદ બળવંતભાઈએ સહી કરેલી હતી. મને નીશાની- ૩/૩ વાળુ સ્થાનીક જગ્યાનુ પંચનામુ બતાવવામા આવે છે જેમા પંચ નં.(૧) તરીકે મારી અને પંચ નં.(૨) તરીકે બળવંતભાઈ ની સહી છે જે ઓળખી બતાવી સ્થાનીજ જગ્યાનું પંચનામુ સદર કામે આંક-૨૬ થી રજુ રાખેલ છે.

**(૧૫.૧)** સદર પંચ સાહેદની બચાવપક્ષ તરફેની ઉલટતપાસમાં તેઓએ સ્વીકારેલ છે કે,અમે બંને પંચો તથા ફરીયાદી ભાઈઓ થઈ એ છીએ. એ વાત ખરી છે કે આજરોજ હુ તથા ફરીયાદી સાથે આવેલા છીએ. એ વાત ખરી છે કે પોલીસે જે પંચનામુ તૈયાર કરેલુ તેમા મે સહી કરેલી.બચાવપક્ષ તરફે અન્ય પુછવામાં આવેલ પ્રશ્નોના જવાબ આ પંચ સાહેદે ઈન્કારમાં આપેલ છે.

**(૧૬)** ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.૬, આંક–૩૦ થી સાહેદ પાર્થભાઈ સમરથદાન ગઢવી ને સોગંદ ઉપર તપાસેલા છે. તેઓ એ તેમની જુબાનીમાં જણાવેલ છે કે,હુ છેલ્લા પાંચ મહીનાથી હળવદ મુકામે ટી.ડી.ઓ. તરીકે ફરજ બજાવુ છુ અને આજરોજ હુ મારી સાથે જાતી અંગેના દાખલા ઈસ્યુ કરવા માટેનુ અસલ રજીસ્ટર લાવેલ છુ અને હુ આજરોજ રેકર્ડ આધારીત જુબાની આપુ છુ. જાતીના દાખલા ઈસ્યુ કરવા અંગેના રજીસ્ટરમા ક્રમ નં.૮૩ ઉપર ચાવડા મીઠાભાઈ મોહનભાઈ, ગામ–ધનાળાનાઓનો અનુસુચીત જાતી અંગેનો દાખલો તારીખ ૦૪/૦૨/૨૦૧૨ ના રોજ ફરજ બજાવતા ટી.ડી.ઓ.શ્રી એ ઈસ્યુ કરેલ છે. હુ આજરોજ મારી સાથે સદર દાખલાની ખરી નકલ સદર કામે આંક–૩૧ થી રજુ રાખેલ છે તેમજ સાથે લાવેલ રજીસ્ટરના ક્રમ નં.૮૩ ઉપરનોંધાયેલ મીઠાભાઈ મોહનભાઈ ના નામવાળા રજીસ્ટરના ઉતારાની ખરીનકલ સદર કામે આંક–૩૨ થી રજુ રાખેલ છે.

**(૧૬.૧)** સદર પંચ સાહેદની બચાવપક્ષ તરફેની ઉલટતપાસમાં તેઓને સવાર પુછવામાં આવેલ છે કે,જાતીનો દાખલો વ્યકિતના જન્મના પ્રમાણપત્રના આધારે આપવામા આવતો હોય છે ?

જવાબ. :– સ્કુલ લીવીંગ સર્ટી. વિગેરે દસ્તાવેજી પુરાવા ચકાસીને દાખલો આપવામા આવે છે. એ વાત ખરી છે કે કોઈ વ્યકિત ધર્મપરીવર્તન કરે અને તે બાબતની માહીતી કચેરીમા આવે તો તે બાબતે ખરાઈ કરી દાખલો રદ કરી શકાય છે.સને.૨૦૨૦ પછી જાતી અંગેનો દાખલો કોમ્પ્યુટરાઈઝ ફોટાવાળો ઈસ્યુ કરવામા આવે છે.બચાવપક્ષ તરફે અન્ય પુછવામાં આવેલ પ્રશ્નોના જવાબ આ સાહેદે ઈન્કારમાં આપેલ છે.

**(૧૭)** ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.૭, આંક–૩૪ થી પી.એસ.ઓ. સાહેદ પરાક્રમસિંહ પ્રતાપસિંહ ઝાલાને સોગંદ ઉપર તપાસેલા છે. તેઓ એ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, અમો ગઈ તા.૨૧/૯/૨૦૨૦ ના રોજ હળવદ પોલીસ સ્ટેશન ખાતે પી.એસ.ઓ. તરીકે ફરજ ઉપર હતા ત્યારે અમારા પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ.શ્રી આર.સી. રામાનુજ ધ્વારા ફરીયાદી મીઠાભાઈ મોહનભાઈ ચાવડાનાઓની તેઓ રુબરુ લેવા મા આવેલ ફરીયાદ રજીસ્ટર કરવા સારુ લેખીત યાદી સાથે ફરીયાદ અમોને આપવામા આવતા અમોએ હળવદ પોલીસ સ્ટેશન 'એ' પાર્ટ ગુ.ર.નં.૦૫૭૪/૨૦૨૦ થી રજીસ્ટરે નોંધવામા આવેલ. જે અસલ ફરીયાદ આંક–૧૯ થી રજુ છે જેમા પી.એસ.ઓ. તરીકે મે ગુના રજીસ્ટ્રેશનની નોંધ કરેલ છે. ગુનો રજીસ્ટર થયા બાદ ગુનાની તપાસ નાયબ પોલીસ અધિક્ષકશ્રી, એસ.સી.એસ.ટી. સેલ, મોરબી નાઓ તરફ ડેપ્યુટ હુકમથી મોકલી આપેલ જે અસલ ડેપ્યુટ હુકમમાં તેઓની સહી ઓળખી બતાવી સદર કામે આંક–૩૫ થી રજુ રાખેલ છે.

**(૧૭.૧)** સદર સાહેદની બચાવપક્ષ તરફેની ઉલટતપાસમાં તેઓએ સ્વીકારેલ છે કે, મારી સમક્ષ જે ફરીયાદ આવેલ તે ફરીયાદ સાથે

કોઈ દસ્તાવેજી આધાર પુરાવો રજુ થયેલ ન હતો. એ વાત ખરી છે કે ફરીયાદ રજીસ્ટરે લીધા સિવાય તથા તપાસ સોંપ્યા સિવાય અન્ય કામગીરી અમોએ કરેલ નથી.

(૧૮) ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.૮, આંક–૪૨ થી ત.ક.અમલદાર મુનાફખાન ઈબ્રાહીમખાન પઠાણ ને સોગંદ ઉપર તપાસેલા છે. તેઓ એ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, અમો તા.૨૨/૯/૨૦૨૦ ના રોજ નાયબ પોલીસ અધિક્ષક, એસ.સી.એસ.ટી.સેલ મોરબી તરીકે ફરજ બજાવતા હતા તે સમયે આ ગુનાની તપાસ આંક–૩૫ ના ડેપ્યુટ હુકમ થી સંભાળવામાં આવેલી. અમોએ તપાસના કામે ગુનાવાળી જગ્યાનું પંચનામુ કરેલ હતુ. જે આ કામે આંક–૨૬ થી રજુ છે, જેમાં પંચોની તથા અમારી સહી છે જે ઓળખી બતાવુ છું. તપાસના કામે અમોએ લાગતા વળગતા સાહેદોના નીવેદન નોંધેલ હતા તેમજ ફરીયાદીનુ વિશેષ નીવેદન અમોએ નોંધેલ હતુ અને તેઓ પાસેથી જાતી અંગેના દાખલાની ઝેરોક્ષ નકલ કબજે કરેલ હતી. તપાસના કામે બે પંચોની હાજરીમા આરોપી ધર્મેન્દ્રસીંહ ઉર્ફે છોટુભા જયેન્દ્રસીંહ ઝાલા નાઓને અટક કરવામા આવેલ હતા જે અંગેનુ પંચનામુ આ કામે આંક–૨૩ થી રજુ છે જેમા મારી તથા બે પંચોની સહી છે જે ઓળખી બતાવુ છુ. તપાસના અંતે આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતા ચાર્જશીટ નામદાર કોર્ટમાં કરવામાં આવેલ હતું. હુ આ કામના આરોપીને ઓળખુ છુ જે આજરોજ નામદાર કોર્ટમા હાજર નથી.

(૧૮.૧) સદર સાહેદની બચાવપક્ષ તરફેની ઉલટતપાસમાં તેઓએ સ્વીકારેલ છે કે, ફરીયાદીની ફરીયાદ અમારા રુબરુની નથી. એ વાત ખરી છે કે ફરીયાદીની માલીકીની જમીન ખેતીની આવેલ હોય તે

બાબતે કોઈ રેવન્યુ રેકર્ડ આધાર, પુરાવો તપાસના કામે મેળવી હાલના કામે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે સરપંચ કે તલાટી મંત્રી નુ કોઈ નીવેદન અમોએ લીધેલ નથી. એ વાત ખરી છેકે આરોપીની જમીનમાથી ફરીયાદીને ચાલવાનો રસ્તો હોય તે બાબતે કોઈ નકશો કે પુરાવા સરકારી કચેરીમાથી મેળવેલ નથી. એ વાત ખરી છે કે ફરીયાદી, આરોપીની જમીનની આજુબાજુના જમીન માલીકોના અમોએ નીવેદન લીધેલ નથી. બચાવપક્ષ તરફે અન્ય પુછવામાં આવેલ પ્રશ્નોના જવાબ આ સાહેદે ઈન્કારમાં આપેલ છે.

**(૨૩)**.આરોપીઓ ઉપર આક્ષેપિત ભારતીય દંડ સહીંતાની કલમ:-૨૯૪ (બી), ૫૦૪, ૫૦૬(૨) તથા અનુસુચિત જાતિ અને જનજાતિ (અત્યાચાર નિવારણ) સુધારણા અધિનિયમ-૨૦૧૫ ની કલમ ૩ (૧)(આર)(એસ) નાં આવશ્યકતત્વો ધ્યાને લેવામાં આવે તો....

(૧)(આર)(એસ)જાહેરમાં કોઈપણ સ્થળે અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત જનજાતિના કોઈપણ સભ્યને ઉતારી પાડવાના ઈરાદાથી જાણીજોઈને અપમાન કરે અથવા ડરાવે, તેમજ કોઈ જગ્યામાં જાહેર રીતે અનુસુચિત જાતિ કે અનુસુચિત જનજાતિના સભ્યને ગાળો આપવી.

ઉપરોકત કાયદાના આવશ્યક તત્વો વંચાણે લેતા, આ કામનાં આરોપીઓ સામે ફરીયાદ પક્ષે રજુ થયેલ પુરાવો ધ્યાને લેતા, આ કામે ફરીયાદપક્ષે ફરીયાદીને આંક-૧૮ થી તપાસેલા છે તેઓએ પોતાની સોગંદ ઉપરની સરતપાસમાં જે હકીકત જણાવેલ છે તેના અનુસંધાને ઉલટતપાસ જોવામાં આવે તો ફરીયાદીએ સ્વીકારેલ છે કે, તેઓએ ખેતરના રસ્તા હોવા બાબતે કોઈ ટીપ્પણો કે રેવન્યુ રેકર્ડ આ કામે રજુ કરેલ નથી તેમજ છેલ્લા પચાસ વર્ષથી આ રસ્તો વાપરતાં હોઈએ તેવા

કોઈ આધાર પુરાવાઓ પણ રજુ કરેલ નથી. વિશેષમાં ફરીયાદીએ ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે, હળવદ કોર્ટમાં રસ્તા બાબતે દાવો પણ કરેલ છે અને તે દાવામાં મનાઇ હુકમની કરેલ અરજી કોર્ટે રદ કરેલ છે. વિશેષમાં ફરીયાદીએ સ્વીકારેલ  છે કે, તેઓએ તેમની સરતપાસમાં '' ઢેઢા તમે અહીથી  ચાલી શકો ?'' તેવા જે શબ્દો જણાવેલ છે તેવું ફરીયાદમાં જણાવેલ નથી. આમ, ફરીયાદીની ઉલટતપાસ પરથી એ હકીકત સ્પષ્ટ છે કે,  ફરીયાદી તથા આરોપી વચ્ચે જમીનમાં રસ્તામાં જવા આવવા બાબતે દિવાની તકરાર થયેલ છે ફરીયાદીએ તેઓની ફરીયાદ આંક–૧૯ માં બનાવ તા.૧૧/૦૭/૨૦૨૦ ના રોજ બનેલ હોવાનું જણાવેલ છે જયારે બનાવની ફરીયાદ તા.૨૧/૦૯/૨૦૨૦ નારોજ આપેલ છે. બનાવ બન્યાના બે માસ અને દસ દિવસ પછી મોડી ફરીયાદ આપવા બાબતે કોઇ સ્પષ્ટ ખુલાસો ફરીયાદમાં કરવામાં આવેલ નથી. આ ઉપરાંત ફરીયાદીએ તેઓની ફરીયાદમાં બનાવ સમયે તેમના દીકરા અને વહુ તેમજ જનકભાઇ લખમણભાઇ ચાવડા તથા મુકેશભાઇ ઇશ્વરભાઇ દલવાડી હાજર હોવાનું જણાવેલ છે. પરંતુ ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ આંક–૨૦ ના સ્વતંત્ર સાહેદ જનકભાઇ લખમણભાઇ ચાવડા તેઓની સરતપાસમાં સ્પષ્ટ જણાવેલ છે કે, તેઓએ ફરીયાદીને આરોપી સાથે રસ્તા બાબતે કોઇ માથાકુટ થયેલ હોય તેવું તેમણે જોયેલ નથી અને રસ્તા બાબતેની તકરાર બાબતે તેઓ કાંઇ જાણતા નથી. આ સાહેદ હોસ્ટાઇલ થયા બાદ તેવું જણાવે છે કે, તેઓ છેલ્લા દોઢ બે વર્ષથી જે રસ્તેથી ધર્મેન્દ્રસિંહ વાડીએ જતાં હતાં તે રસ્તેથી ચાલવાનું બંધ કરી દીધેલ છે. અને  ધર્મેન્દ્રસિંહે આ રસ્તો બંધ કરી દીધેલ છે. પરંતુ સાહેદની ઉલટતપાસ જોવામાં આવે તો, આરોપીએ તેઓની વાડીમાં દરવાનો મુકેલ છે અને આરોપીની વાડીમાંથી તેઓ કે અન્ય કોઇને આવવા જવાનો રસ્તો આવેલ ન હતો અને નથી અને તેઓની હાજરીમાં કોઇ બોલાચાલી

થયેલ હોય, ગાળો બોલેલ હોય કે ધમકી આપેલ હોય તેવું બનેલ નથી તેમ સ્વીકારેલ છે. આમ, ફરીયાદપક્ષના કેસના મહત્વના સ્વતંત્ર સાહેદની જુબાનીથી સમર્થન પ્રાપ્ત થતુ નથી અને ઉલટાનું આ સાહેદે તેમજ પ્રોસીકયુશને તપાસેલ આંક–૨૧ તથા આંક–૨૨ ના ફરીયાદીના પુત્ર અને પુત્રવધુની જુબાની પરથી પણ ફરીયાદી અને આરોપી વચ્ચે રસ્તાની તકરાર ચાલતી હોય તેવું રેકર્ડ ઉપર આવેલ છે. આ સંજોગોમાં ફરીયાદીએ જે બનાવ તા.૧૧/૦૭/૨૦૨૦ નારોજ બનેલ છે તેવું જણાવી બે માસ ઉપરાંતના સમય પછી ફરીયાદ કરેલ છે તે પક્ષકારો વચ્ચે રસ્તાની ચાલી આવેલ તકરારને લીધે આપેલ હોય તેવી શંકા ઉત્પન્ન થાય છે. આ ઉપરાંત ફરીયાદી તથા સાહેદોએ આરોપી શું જાતી વિષયક શબ્દો બોલેલ તે અંગે કોઇ સ્પષ્ટ પુરાવો આપેલ નથી. ફરીયાદીની રજુ થયેલ આંક–૧૯ ની ફરીયાદમાં જાતી વિષયક શું શબ્દો આરોપી બોલેલ અને કોઇ ત્રાહીત વ્યકિતની હાજરીમાં આવા શબ્દો આરોપી બોલેલા હોય તેવી કોઇ હકીકત રેકર્ડ ઉપર આવતી નથી. આ ઉપરાંત ત.ક.અમલદારે તેઓની આંક–૪૨ ની સોગંદ ઉપર ના પુરાવામાં ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે, ફરીયાદીની માલીકીની ખેતીની જમીનના કોઇ રેવન્યુ રેકર્ડ આધાર પુરાવાઓ તપાસના કામે મેળવેલ નથી કે આરોપીની જમીનમાંથી ફરીયાદીને ચાલવાનો રસ્તો હોય તે બાબતે કોઇ નકશો કે પુરાવો સરકારી કચેરીમાંથી મેળવેલ નથી અને ફરીયાદી તથા આરોપીની જમીનમાં આજુબાજુમાં આવેલ જમીન માલીકોના નિવેદન તેઓએ લીધેલ નથી. આમ, સમગ્ર હકીકતે રેકર્ડ ઉપર આવેલ પુરાવાથી આરોપીએ કોઇ રસ્તો ફરીયાદીનો આવેલ હોય તે બંધ કરેલ હોય તે કે તે રસ્તે ન નીકળવા બાબતે ફરીયાદી તથા સાહેદને ગાળો બોલી જાનથી મારી નાંખવાની ધમકી આપેલ હોય કે ફરીયાદી તથા સાહેદને જાતી પ્રત્યે જાહેરમાં અપમાનીત કારક કોઇ શબ્દો બોલેલ હોય તેવો નિ:શંક પુરાવો રેકર્ડ ઉપર આવતો નથી. ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ આંક–૪૭ ની લેખીત દલીલ વંચાણે લીધેલ છે, પરંતુ આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાની

જવાબદારી પ્રોસીકયુશનની રહેલ છે અને જયારે આવો નિ:શંક પુરાવો રેકર્ડ ઉપર આવેલ ન હોય ત્યારે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી. આ કામના આરોપીએ ફરીયાદી તથા સાહેદને શું ગાળો બોલેલ અને સુલેહભંગ કરવાના ઈરાદાસર અપમાનીત કરેલ હોય કે આરોપીની ધમકીના કારણે ફરીયાદી પોતાની રોજીંદી ક્રીયા કરવા માટે અસમર્થ થયેલ હોય તે અંગેનો નિ:શંક પુરાવો રેકર્ડ ઉપર આવેલ ન હોય ત્યારે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી. સમગ્ર હકીકતે મુદ્દા નં.૧ થી ૨ પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ ગયેલ હોય તેથી તેનો જવાબ '' **નકારમાં** '' આપવામાં આવે છે તથા મુદ્દા નંબર–૩ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**<u>–:: હુકમ ::–</u>**

(૧). આ કામના આરોપી **ધમેન્દ્રસિંહ ઉર્ફે છોટુભા જયેદ્રસિંહ ઝાલા,** ઉ.વ.૬૦, ધંધો–ખેતી, રહે.જુના ધનાળા, તા.હળવદ, જી.મોરબી વાળાને ફોજદારી કાર્યરીતી અધિનિયમ ની કલમ–૨૩૫(૧) મુજબ હળવદ પોલીસ સ્ટેશન એ–પાર્ટ ગુ. ર. નં. ૧૧૧૮૯ ૦૦૧૨૦૦૫૭૪/૨૦૨૦. ભારતીય દંડ સહીંતાની કલમ:– ૨૯૪(બી), ૫૦૪, ૫૦૬(૨) તથા એટ્રો સીટી એકટની કલમ:– ૩(૧)(આર)(એસ) મુજબના શીક્ષાને પાત્ર ગુના માંથી પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨). હાલના કામે જો અપીલ થાય તો નામદાર હાઈકોર્ટ સમક્ષ હાજર રહેવા માટે દરેક આરોપીએ રૂ.૧૦૦૦૦/– ના જામીન અને તેટલી જ રકમના જાતમુચરકા ફોજદારી કાર્યરીતી અધિનિયમ ની કલમ ૪૩૭ (એ) મુજબનાં છ માસના રજુ કરવા.

(૩). ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ ૩૬૫ ની જોગવાઈ

અન્વયે આ હુકમ ની એક નકલ જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, મોરબી નાઓને મોકલી આપવી.

હુકમ આજરોજ તા.૧૮ મી, માહે–માર્ચ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

**( મીતલકુમાર રસીકભાઈ નાદપરા)**
**સ્પે.જજ(એટ્રોસીટી) તથા બીજા એડી.સેશન્સ**
**જજ, મોરબી.**
**UID NO.GJ00840**

**// J.J.S //**